# રાજકોટ ચેમ્બર ઓફ કૉમેર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા વર્ષ ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ તથા ૨૦૧૭-૧૮ ના એસેસમેન્ટ ની આકારણી માટે યોગ્ય નિર્ણય લેવા અંગે માનનીય નાયબ મુખ્ય મંત્રીશ્રી નીતિનભાઈ પટેલ સમક્ષ કરાયેલ રજુઆત...

વર્ષ ૨૦૧૫-૧૬, ૨૦૧૬-૧૭ ની આકારણી પૂર્ણ કરવાની અંતિમ તા.૩૧-૩-૨૦૨૧ અને ૨૦૧૭-૧૮ ની આકારણી પૂર્ણ કરવાની અંતિમ તા.૩૧-૩-૨૦૨૨ છે પરંતુ વાણિજયક વેરા વિભાગ દ્ધારા આકારણી ૩૧ ડિસેમ્બર પહેલા પુરી કરવા ભાર મુકવામાં આવે છે. કોરોના કાળમાં લોકડાઉનની અસરને કારણે વેપાર-ધંધા પડી ભાંગ્યા છે અને જો એક તરફી આકારણી કરાશે તો વેપારીઓ પર બોજો પડશે. SGST વિભાગના અધિકારીઓ દ્ધારા આકારણી માટે વેપારીઓને ફોન કરી હાજર થવા માટે કહેવામાં આવે છે. પરંતુ એસેસમેન્ટની કાર્યવાહી માટે વેપારી, વકીલ, સીએ, મેતાજી તથા વેટ વિભાગના કર્મચારીઓ સોશ્યલ ડિસ્ટન્સ જાળવી શકે તેવી કોઈ સંભાવના નથી અને આકારણી માટે જો ઉતાવળે અને વેપારીઓને પુરતો સમય આપ્યા વગર એસેસમેન્ટ કરવામાં આવશે તો અપીલ થવાના કિસ્સાઓ પણ વધી શકે તેમ છે. સાથોસાથ ઘણા કેસો ઓનલાઈન સી-ફોર્મ આપેલા હોવા છતા ઓનલાઈન દેખાતા નથી, જેથી વેપારીઓને પ્રિન્ટ કોપીવાળા ફોર્મ રજુ કરવા માટે સમય આપવો જોઈએ.

હાલ વેપાર-ધંધાએ માંડ માંડ વેગ પકડયો હોય ત્યારે વેપારીઓએ ધંધો સંભાળવાને બદલે એસેસમેન્ટની કામગીરી માટે પુરતો સમય ના હોય. વેટ કાયદાની બંન્ને વર્ષ માટેની આકારણી તાત્કાલીક પૂર્ણ કરવાનો આગ્રાહ મોકુફ રાખી આકારણી કેસોમાં મુદ્દત આપવી જોઈએ જેથી વેપારીઓ અને અધિકારીઓ રાહતની લાગણી અભુનવી શકે તે માટે રાજકોટ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્ધારા માનનીય નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ સમક્ષ રજુઆત કરવામાં આવેલ છે.